ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં હીટવેવ : પારો ૪૪.૪ ડીગ્રી

**હીટવેવથી બચવા નગરજનો ઘરમાં પુરાયા : સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઇ : છેલ્લા એક સપ્તાહથી ગરમીનુ જોર સતત વધી રહ્યુ છે : ગરમીની સાથે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉંચકાયુ : ગરમી પ્રકોપથી બચવા રજાના દિવસે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા : દિવસ દરમિયાન સેકટરોમાં સુનકાર જોવા મળ્યો**




ગાંધીનગર તા ૧૩
ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી સતત ગરમીનુ જોર વધી રહ્યુ છે. નગરને કાતિલ ગરમીએ બાનમાં લીધુ છે. ગઈકાલની સાપેક્ષમાં આજે પણ ગરમીનો પારો એક ડીગ્રી ઉપર આવ્યો હતો. જેના લીધે શહેરમાં સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રીએ પહોંચી જતા દિવસે આકાશમાંથી આગ વરસી હતી. સવારથી જ કાતિલ ગરમીની અસરથી સેકટરવાસીઓ પ્રભાવિત હતા. જયારે બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ હતુ. રજાનો દિવસ હોવાથી નગરજનો ગરમીથી બચવા માટે એ સી ઓન કરીને ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા જેના લીધે દિવસ દરમિયાન સેકટરોની શેરીઓમાં અને શોપિંગ બજારમાં પણ સુનકાર છવાયો હતો.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી કાતિલ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. આકરી ગરમીથી નગરજનો તોબા પોકારી ગયા છે. ઉનાળાની શરૂઆતમાં વાદળિયા વાતાવરણ વચ્ચે સતત હવામાન પલ્ટાથી ગરમીની સિઝન જાણે અદ્રશ્ય થઈ ગઈ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગત માર્ચ મહીનાથી ગરમીનો પારો માંડ બે ત્રણ વાર ૪૦ ડીગ્રીને પાર થયો હતો. જયારે મેં મહીનાની શરૂઆતના અંતે પણ વાતાવરણમાં બદલાવ યથાવત હતો પરંતુ છેલ્લા એક સપ્તાહથી ઉનાળાની મોસમ નિખરી છે. રોજબરોજ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ રહી છે. આકરી ગરમીએ નગરજનોનુ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ કરી દીધુ છે. સવાર થતા જ એકાદ કલાકમાં જ ગરમીની અસર વર્તાવા માંડે છે. આજે પણ ગરમીએ હદ વટાવી હતી. સવારથી જ કાતિલ ગરમીની અસર વર્તાતી હતી જયારે બપોર થતા આકાશમાંથી અંગારા વરસતા નગરજનો માટે ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ જો કે રજાનો દિવસ હોવાથી કર્મચારીઓએ ઘરમાં એ સી માં પુરાયેલા રહેવાનુ જ પસંદ કર્યુ હતુ. ગરમીનો પારો આજે પણ ગઈકાલની સાપેક્ષમાં ઉંચે ચઢયો હતો. મહત્તમ તાપમાન ૪૪.૪

### છેલ્લા ચાર દિવસનું તાપમાન

| તારીખ | ૯/૫ | ૧૦/૫ | ૧૧/૫ | ૧૨/૫ |
|---|---|---|---|---|
| મહત્તમ | ૪૨.૮ | ૪૨.૯ | ૪૩.૫ | ૪૩.૭ |
| લઘુતમ | ૨૭.૪ | ૨૧.૫ | ૨૪.૨ | ૨૬.૨ |

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટરોમાં માઈક્રોશોપિંગની ઘણી દુકાનો આજે પણ બિનઉપયોગી

### ખંડેર દુકાનો પાછળ નવો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૧૩
પાટનગરમાં માઈક્રો શોપિંગની ૧૭૨ નાની દુકાનો દાયકાઓના અંતે ઉપયોગ વિના જર્જરિત બની છે. આ મામલે અનેકવાર સવાલો પણ ઉઠે છે , પરંતુ સંબંધિત તંત્ર કક્ષાએથી કોઈ પગલા લેવાયા નથી દુકાનોની પણ દરકાર કરવામાં આવતી નથી સ્થાનિકોને રોજગારી પુરી પાડવા માટે સેક્ટરોમાં દાયકાઓ પુર્વે નિર્માણ કરાયેલી માઈક્રો દુકાનો પૈકી હજુ ઘણી બિનઉપયોગી હાલતમાં હોવાથી ઘણા જરૂરિયાતમંદોમાં આક્રોશ પ્રવર્ત્યો છે

જાણવા મળ્યા પ્રમાણે માઈક્રો શોપના મામલે શહેર વિસ્તારમાં નાના શ્રમજીવીઓને રોજગારી મળી રહે તેના માટે ૫૨૭ જેટલી નાની દુકાનો વિવિધ સેક્ટરમાં તૈયાર કરવામાં આવી હતી સેક્ટરોમાં પાંચ-સાત કે વધુ સંખ્યામાં વિવિધ સ્થળે બાંધવામાં આવેલી આ દુકોનાના સમૂહને માઈક્રો શોપિંગ તરીકે ઓળખ ધરાવે છે. આ દુકાનોની માલિકી અને જાળવણીની જવાબદારી પાટનગર યોજના વિભાગની છે, પરંતુ તેની ફાળવણી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવે છે. માઈક્રોશોપિંગની દુકાનોની આ યોજના અન્વયે કુલ પૈકીની ૩૫૫ દુકાનોની ફાળવણી બાદ લાભાર્થીઓએ કબ્જો લીધો છે અને ૧૭૨ દુકાનોનું ઠેકાણું પડયું નથી

જયારે આ માહિતી ના અંતે સ્થળ ચકાસણી કરવાની સાથે લાભાર્થીની સ્થિતિ સહિતનો રિપોર્ટ માગવામાં આવ્યો હતો. પરંતુ વિભાગે તેવી તસદિ નહીં લેતા બાકી રહેલી દુકાનોની ફાળવણી રદ કરીને આ દુકાનો અન્ય લાભાર્થીઓને ફાળવવા માટે ડ્રો કરવા સહિતની પ્રક્રિયા થઇ શકતી

● અનુસંધાન પાન-૭ પર

## તંત્ર દ્વારા પાણીના ક્લોરીનેશન ટેસ્ટીંગ ડ્રાઈવ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગર શહેરમાં પેયજળના પુરવઠામાં ક્લોરીનેશન યોગ્ય રીતે ન થતુ હોવાથી ઉઠેલી ફરિયાદોના પગલે તંત્રએ ક્લોરીનેશન ટેસ્ટીંગ માટેની ખાસ ડ્રાઈવ હાથ ધરી છે.

ઉનાળાની આકરી ગરમીમાં પાણીની માંગમાં વધારો થયો છે અને પાણીના સપ્લાયમાં યોગ્ય ક્લોરીનેશન ન થતુ હોવાની ફરિયાદોને પગલે તંત્ર દ્વારા આ અંગે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૫૦ જેટલા મલ્ટી પરપઝ વર્કરો દ્વારા આ અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને તેઓ હાઉસ ટુ હાઉસ તેમજ જાહેર સ્થાનો પર પેયજળમાં ક્લોરીનેશન અંગે ટેસ્ટીંગ કરે છે તેમજ ક્લોરીનેશન કરવા અંગેની જરૂરી જાણકારી સાથેની માહિતી આપી જનજાગૃત્તિ અભિયાન ચલાવી રહ્યા છે.

શહેરમાં પાણીજન્ય રોગચાળો આ ગરમીના દિવસોમાં દેખા ના દે તે માટે તંત્રએ આ અભિયાન છેડ્યુ છે. બીજી તરફ ગાંધીનગરમાં અપાતા પેયજળના પુરવઠાનું સુપર ક્લોરીનેશન કરવામાં આવે તેવી પણ અધિકારીઓને પત્ર લખી જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન એક્ટિવિટીનો ધમધમાટ શરૂ

ગાંધીનગર, તા.૧૩
આગામી વરસાદી દિવસોને ધ્યાનમાં રાખી વિવિધ તંત્ર દ્વારા પ્રિ મોન્સુન એક્ટિવીટી શરૂ કરી દેવામાં આવી છે. જયારે અન્વયે દહેગામ તાલુકામાં ધારિસણાથી જાલિયા મઠ રોડ ઉપર ૪ કિલોમીટરની સ્લેબ ડ્રેઈનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અડાલજમાં પણ સિવેજ પમ્પિંગ સ્ટેશનમાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી વરસાદી દિવસોને અનુલક્ષી ટૂંકમાં પૂર્ણ કરી દેવાશે

ગાંધીનગર શહેરમાં ને ગ્રામ્ય વિસ્તારમાં પણ ચોમાસા દરમિયાન વરસાદી પાણી અને ગટરના ગંદા પાણીના નિકાલની સમસ્યાઓનો હજુ પૂર્ણ રીતે નિકાલ થયો નથી . ત્યારે સમસ્યાઓ ઓછી રહે તેના માટે સંબંધિત તમામ તંત્ર દ્વારા આગોતરા આયોજન કરવામાં આવતા હોય છે. ત્યારે પાટનગર યોજના વિભાગના ઈજનેરી સુત્રોમાંથી જણાવવામાં આવ્યા પ્રમાણે દહેગામ તાલુકામાં ધારિસણાથી જાલિયા મઠ રોડ ઉપર ૪ કિલોમીટરની સ્લેબ ડ્રેઈન નાંખવામાં આવનાર છે. ચોમાસાની વિધિવત શરૂઆત થાય તેના પહેલા આ કામગીરી પાર પાડવાનું આયોજન કરાયું છે. તેના પાછળ રૂપિયા ૫૯ લાખનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. બીજી બાજુ ગાંધીનગર શહેરી વિકાસ સતામંડલ દ્વારા પણ અડાલજમાં તૈયાર કરવામાં આવેલા સિવેજ પમ્પિંગ સ્ટેશનમાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી વરસાદી દિવસો પહેલા પુરી કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પાછળ રૂપિયા ૧ કરોડ ઉપરાંતનો ખર્ચ થશે. આ પમ્પિંગ સ્ટેશનનું સંચાલન અને જાળવમી કરવાનું કામ પણ ખાનગી પેઢીને સોંપી દેવામાં આવનાર છે. અડાલજના ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૧ના વિસ્તારમાં આવેલા આ પમ્પિંગ સ્ટેશનને ગટરના પાણીનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે બાંધવામાં આવેલુ છે.




માનસ આચાર્ય - ગાંધીનગરના પાદરે ગીફટસિટીના પ્રાંગણમાં વિશ્વવંદનીય કથાકાર મોરારિબાપુના વ્યાસાસને શનિવારે સાંજે રામકથાનો મંગલ પ્રારંભ થયો હતો... બરાબર ૧૨ વર્ષ બાદ મોરારિબાપુ ગાંધીનગરમાં રામકથાનું રસપાન કરાવી રહ્યા છે... શિક્ષક મહાસંઘના રાષ્ટ્રીય અધિવેશનના સમાપન બાદ સાંજે ૪ વાગે ભવ્યાતિભવ્ય પોથીયાત્રા બાદ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં મંગલદિપનું પ્રાગટ્ય કરાયું હતું... કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કથા પ્રારંભ પૂર્વે ઉદબોધન કર્યું હતું. સંતોના આશીર્વાદ બાદ મોરારિબાપુએ મંગલાચરણ સાથે 'માનસ આચાર્ય'નો પ્રારંભ કર્યો હતો... આસપાસના ગ્રામજનો અને ભરવાડ સમાજના રામભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા... રાજ્યભરમાંથી પધારેલા શિક્ષકોએ પણ કથાનું શ્રવણ કર્યું હતું...

330 મીટરમાં બંગલો
ભાડે / વેચાણ
તાત્કાલિક જોઈએ છે
● TP9માં સરખેજ હાઈવે પર સારગાસણ ૫૦૦૦ વારનો કોમર્શીયલ પ્લોટ વેચાણ
● ગાંધીનગરમાં સારા બંગલાઓ વેચાણ માટે સંપર્ક કરવો.
ભવાની એસ્ટેટ
મો. ૯૮૯૮૫ ૬૩૫૮૧
મો. ૯૪૨૬૨ ૮૯૦૫૪

### ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા.૧૩
સીબીએસસીની ધોરણ-૧૦-૧૧ પરીક્ષામાં ૯૬ ટકા માર્ક્સ સાથે શહેરના પરિણામોમાં નિશીતા દિપકભાઈ બારોટ મોખરે રહેતા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

## ટેટ ૧નું માત્ર ૩.૭૮ ટકા પરિણામ, ૧૦૦માંથી ૪ ઉમેદવારો જ કવોલિફાય

### એપ્રિલ મહિનામાં લેવાયેલી ટેટ ૧નું પરિણામ જાહેર થયું : છેલ્લે વર્ષ ૨૦૧૮માં ટેટ૧ની પરીક્ષા યોજવામાં આવી હતી

અમદાવાદ, તા.૧૩
રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ટેટ ૧નું પરિણામ જાહેર થયું છે. પરંતુ આ પરિણામે ભાવી પ્રાયમરી શિક્ષકોની ચિંતા વધારી છે. કારણ કે. ટેટ ૧નું માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. એટલે કે ૧૦૦ ઉમેદવારોમાંથી માત્ર ૪ ઉમેદવારો જ ટેટ ૧ની પરીક્ષામાં ક્વોલિફાય થઈ શક્યા છે. ધોરણ ૧થી ૫માં પ્રાયમરી શિક્ષકોની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં ટેટ ૧ની પરીક્ષા લેવાઈ હતી. જેનું પરિણામ માત્ર ૩.૭૮ ટકા પરિણામ જાહેર થયું છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં ટેટ૧ની પરીક્ષા યોજાઈ હતી, જેનું પરિણામ ૮.૫ ટકા જેટલું આવ્યું હતું. એટલે કે પાંચ વર્ષ બાદ ટેટ ૧ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૬૦ ટકા જેટલું ઘટ્યું છે. વર્ષ ૨૦૧૩માં ૧૬ ટકા જેટલું ટેટ ૧નું પરિણામ આવ્યું હતું. જે ૧૦ વર્ષ બાદ પરિણામ ગગડીને માત્ર ૩.૭૮ ટકા પર પહોંચ્યું છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ટેટ૧ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ગુજરાતી માધ્યમનું પરિણામ માત્ર ૩.૭૯ ટકા જાહેર થયું છે. ગુજરાતી માધ્યમમાં ૮૩,૩૮૬ ઉમેદવારોમાંથી ૭૧,૧૧૯ ઉમેદવારોએ ટેટ૧ આપી હતી, જેમાંથી માત્ર ૨,૬૯૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ માત્ર ૩.૪૫ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૫૨ ઉમેદવારોમાંથી ૧,૦૭૧ ઉમેદવારોએ આપી હતી ટેટ૧, જેમાંથી માત્ર ૩૭ ઉમેદવારો ક્વોલિફાય થયા છે. હિન્દી માધ્યમનું પરિણામ માત્ર ૩.૨૪ ટકા જાહેર થયું છે. જેમાં ૧,૩૩૭ ઉમેદવારોમાંથી ૧,૦૮૧ ઉમેદવારોએ આપી હતી ટેટ૧, જેમાંથી માત્ર ૩૫ ઉમેદવારો ક્વોલિફાય થયા છે.

સામાન્ય રીતે દરવર્ષે લેવાતી ટેટ૧ની પરીક્ષા ભરતી પ્રક્રિયા ના થતી હોવાને કારણે પાંચ વર્ષે લેવાઈ હતી. રાજ્ય પરીક્ષા બોર્ડના ચેરમેન પી.કે. ત્રિવેદીએ કહ્યું કે, હવે દરવર્ષે ટેટ ૧ની પરીક્ષાનું આયોજન થશે. આ ગુણાંક સાથેનું પ્રમાણપત્ર સ્પીડ પોસ્ટ મારફતે ઉમેદવારોના રહેઠાણ પર મોકલવામાં આવશે. મહત્વનું છે કે, ટેટ ૧ની પરીક્ષાના પરિણામથી ઉમેદવારોમાં નિરાશા વ્યાપી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

## ચોમાસામા સરકારી આવાસોમાં ભેજની સમસ્યા ડામવા ધાબા અને લાઈનની સફાઈ કરાશે

### વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ સાથે ધાબામાંથી પણ ગંદકી ઉલેચાશે

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી છે જયારે જોખમી ન હોય તેવા બ્લોકમાં વસવાટ પણ છે. ચોમાસામાં આવાસમાં ભેજ ઉતારવાની સાથે ધાબામાં પાણી ભરાવાની સમસ્યા પણ જટીલ બને છે ચોમાસા ઉભી થતી આવાસમાં પાણી અને ભેજ ઉતરવાની ભેજ ની સમસ્યાને ડામવા ચોમાસા પુર્વે તમામ આવાસના ધાબાની સાથે પાણીના નિકાલની લાઈનોની સફાઈ કરવા પાટનગર યોજના વિભાગે પ્રિ મોન્સૂન પ્લાન તૈયાર કરી દેવાયો છે.

સરકારી આવાસમાં ચોમાસાના દિવસોમાં ધાબામાંથી ઘરમાં પાણી ઉતારતા રહીશો માટે ભેજ ઉતારવા સહીત અનેક સમસ્યાઓ પરેશાનીનું કારણ બને છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ આવાસમાં રહેનારા મોટાભાગના વ્યક્તિ સરકારી અધિકારી કે, કર્મચારી હોય છે. જે પૈકી ભાગ્યે કોઈ પરિવાર જે તે મકાનના ધાબાનો ઉપયોગ કરતાં હોય છે. ઉપરાંત માલિકીનું મકાન નહીં હોવાથી અને ધાબાનો દરવાજો હંમેશા બંધ રહેતા ધાબાનો ઉપયોગ થતો નથી આવાસમાં રહેતા રહીશો પણ ધાબાની સફાઈ કરવામાં નિરસતા દાખવે છે.

જેના લીધે ધાબામાં ભરાયેલો ધુળ-કચરામાં વરસાદી પાણીનો ભરાવો થાય છે .આવા સંજોગોમાં આવાસોના ધાબે ગંદકી ખદબદે છે. પરિણામે ધાબાની લાઈનો ચોક અપ થઈ જાય છે ચોમાસામાં વરસાદી દિવસો દરમિયાન સરકારી આવાસોના ધાબામાં પાણી ભરાતા ભેજની સમસ્યા ઉદભવે છે ધાબામાં પાણીના ખાબોચિયા ઉભરાતા પાણી ઘરની દિવાલોમાં ઉતરતા સમસ્યા સર્જાય છે જેના લીધે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ પણ વધતા રહીશોનું આરોગ્ય પણ જોખમાય છે.

આ સ્થિતિ નિવારવા પાટનગર યોજના વિભાગ દ્વારા ચોમાસા પહેલા તમામ સરકારી આવાસના ધાબા તથા ધાબામાંથી નીચે સુધી આપેલી વરસાદી પાણીના નિકાલની લાઈનોની આગોતરી સફાઈ કરવાનું આયોજન કરી દેવાયું છે જયારે આ કામગીરીને અનુલક્ષી સેક્ટરોની ઈક્વાયરીઓમાં સંબંધિત અધિકારીઓને પણ જાણ કરી દેવામાં આવી છે. જયારે વરસાદી દિવસો શરૂઆત પુર્વે જ આ કામગીરી કરી દેવામાં આવશે. ગાંધીનગરમાં જિલ્લા તંત્ર અને મહાપાલિકા ઉપરાંત પાટનગર યોજના વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રિમોન્સૂન એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે . વરસાદી દિવસો પણ નજીકમાં છે ત્યારે આ દિશામાં ગતિવિધિ હાથ ધરવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com